ફેર પ્રાઈઝ શોપ્સની હડતાળની ધમકી

વ્યાજબી ભાવના દુકાનદારોને નિગમના કર્મચારી તરીકે ઘોષિત કરવા સહિતની માંગણી : સરકારને આવેદનપત્ર

અમદાવાદ, તા.૮

રાજયની વાજબી ભાવની દુકાનોના દુકાનદારોને આધારકાર્ડ લીંકઅપ કરવા માટે રાજય સરકાર દ્વારા થઈ રહેલા દબાણને લઈ રાજયભરના વાજબીભાવના દુકાનદારોમાં રોષની લાગણી પ્રવર્તી રહી છે ત્યારે આજે ફેરપ્રાઈઝ શોપ્સ એન્ડ કેરોસીન લાયસન્સ હોલ્ડર્સ એસોસીએશન દ્વારા રાજય સરકારને એક આવેદનપત્ર સુપ્રત કરી અલ્ટીમેટમ આપવામાં આવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ભાઈ એવા એસોસીએશનના પ્રમુખ પ્રહલાદ મોદી દ્વારા તા. ૨૮મી મે પછી વાજબીભાવના દુકાનદારોની રાજયવ્યાપી હડતાળની ચીમકી સરકારને આપવામાં આવી છે. ગુજરાત ફેરપ્રાઈઝ શોપ્સ એન્ડ કેરોસીન લાયસન્સ હોલ્ડર્સ એસોસીએશનના પ્રમુખ પ્રહલાદ મોદીએ આજે રાજયના અન્ન અને નાગરિક પુરવઠા સચિવ સંગીતા સિંહને એક વિગતવાર આવેદનપત્ર સુપ્રત કરી આધારકાર્ડ લીંકઅપની કામગીરીમાંથી વાજબીભાવના દુકાનદારોને મુકિત આપવા સહિતની વિવિધ માંગણીઓ કરવામાં આવી હતી. જેમાં વાજબીભાવના દુકાનદારોને નિગમના કર્મચારીઓ તરીકે ઘોષિત કરવાની માંગ મુખ્ય હતી. એસોસીએશનના પ્રમુખ દ્વારા આવેદનપત્રમાં જણાવાયું હતું કે, સરકાર દ્વારા વાજબીભાવના દુકાનદારોને આધારકાર્ડ લીંક અપ અને રેશનકાર્ડધારકના કુંટુંબના તમામ સભ્યોના આધારકાર્ડ અને તેની વિગતો એન્ટ્રી કરવા ભારે દબાણ થઈ રહ્યું છે. આ કામગીરી ગોપનીય બાબત છે અને આવું કામ દુકાનદારો પાસેથી કરાવી સરકાર તેની ગુનાહિત માનસિકતા છતી કરે છે. આ મામલે રાજય સરકારને વારંવાર રજૂઆત કરવા છતાં કોઈ હકારાત્મક નિર્ણય લેવાયો નથી, જેને પગલે એસોસીએશન દ્વારા હવે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડશે.

હજુ જો વેળાસર નિર્ણય નહી લેવાય તો, ૨૦ દિવસ પછી એટલે કે, તા. ૨૮મી પછી રાજયભરના વાજબીભાવના દુકાનદારો અને કેરોસીન લાયસન્સ હોલ્ડરો હડતાળ પર ઉતરી જશે અને પીડીએસ સીસ્ટમ હેઠળ મળતો અનાજ અને કેરોસીનનો પુરવઠો વિતરણ કરવાનું બંધ કરશે.

રાજપૂત કરની સેનાના રાષ્ટ્રીય પ્રમુખ સુખદેવસિંહ અમદાવાદ વિમાની મથકે પહોંચતા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

કોંગ્રેસની કિનારા બચાવો બોટ યાત્રા દક્ષિણ ગુજરાતમાં પ્રવેશી

અમદાવાદ, તા.૮

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ આયોજીત કિનાર બચાવો અભિયાન બોટ યાત્રા માંડવીથી શરૂ થઈ આજ રોજ દક્ષિણ ગુજરાતમાં પ્રવેશી હતી. આજ રોજ તા. ૮ મે, ૨૦૧૭ના સવારે ૯.૩૦ કલાકે ભાડભુત ખાતે ભારેશ્વર મહાદેવ મંદિર ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ અર્જુન મોઢવાડીયા દ્વારા પુજા આરતી કરવામાં આવી હતી. ભરૂચ જિલ્લાના નવેઠા ગામ ખાતે જાહેરસભાને સંબોધન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ અર્જુન મોઢવાડીયાએ જણાવ્યું હતું કે, દેશમાં ૧૬૦૦ કિ.મી જેટલો સૌથી લાંબો દરિયા કિનારો, કિનારા ઉપર જમીન તથા દરિયો ખેડનારી સૌથી સાહસિક પ્રજા હોવા છતાં છેલ્લા ૨૨ વર્ષના ભાજપના શાસને દરિયા ખેડનારા માછીમારોને કોંગ્રેસની સરકારે આપેલા અનેક અધિકારી છીનવ્યા છે અને દરિયા કિનારા ઉપર માછીમારો સહિતની પ્રજા માટે માળખાકીય સુવિધાઓ ઉભી કરવાને બદલે કિનારો અને કિનારાની જમીનો મોટા અને માનીતા ઉદ્યોગગૃહોને પધરાવી દેવાયા છે. સૌરાષ્ટ્ર અને કચ્છ ખાતેના દરિયા કાંઠાના નાગરિકો સહિત આજરોજ ભરૂચ જિલ્લામાં બહોળો પ્રતિશાદ મળ્યો છે. જે જનતાનું મૂળ બતાવે છે. નદી અને દરિયા કિનારાઓ ઔદ્યોગિક એકમોએ ઘણુ નુકશાન પહોંચાડ્યું છે. જે બાબતને કોંગ્રેસની સરકાર બનશે તો સર્વ પ્રથમ રિસાયકલીંગ એકમ નાંખીને એનો નિકાલ કરવામાં આવશે. જે કેમીકલ ભરેલા જીવનથી જનતા ત્રાહીમામ પોકારી ઉઠી છે. સામાન્ય માણસ આ બાબતે ફરિયાદ કરવા જાય તો આજે ઔદ્યોગિક એકમો એને દબાવી દે છે. અર્જુન મોઢવાડીયાએ વધુમાં જણાવ્યું હતું કે, દક્ષિણ ગુજરાત વિશ્વ પ્રસિધ્ધ બંદરો આજે વિનાશ થવાના કગાર પર છે ત્યારે હાલની ભાજપ સરકાર માત્ર ને માત્ર જુઠ્ઠા વચનો વાયદાઓ આપી રહી છે. અગાઉ કોંગ્રેસ સરકારોની નીતીને કારણે માછીમારો જીએસએફસી દ્વારા લોન તથા સબસીડીઓ આપીને મશીનવાળી હોડીઓ અપાવી. નવી ફાઈબર બોટો વસાવવા મદદ કરાઈ, માછીમારોને સેલ્સ ટેક્ષ મુક્ત ડીઝલ અને નાની ફાઈબર બોટ માટે માસિક ૨૫૦ લીટર કેરોસીનનો ક્વોટા અપાયો. માછીમારો માટે ઉમરગામ, વાસી બોરસી, ધોધા, રાજુલા, જાફરાબાદ, વેરાવળ, માંગરોળ, પોરબંદર, ઓખા, જખૌ જેવા બંદરો વિકસાવ્યા.

અમદાવાદના બાપુનગરમાં ઠક્કરનગર રોડ પર સ્થિત સોસાયટીમાં છેલ્લા ઘણા સમયથી ટેન્કર દ્વારા પાણી આપવામાં આવી રહ્યું છે.

નરોડા ગામ કેસમાં મુસ્લિમ મહિલાની મહત્વની જુબાની

અમદાવાદ, તા.૮

નરોડા ગામ રાયોટીંગ કેસના મહત્વના ટ્રાયલમાં આજે વધુ એક સાક્ષીની સરતપાસ અને ઉલટતપાસ થઈ હતી. આજની સાક્ષીની મહત્વની અને નોંધનીય એટલા માટે હતી કે, સાક્ષી મહિલા મુસ્લિમ હતી પરંતુ તેણીએ લગ્ન હિન્દુ યુવક સાથે કર્યા હતા. તેણીએ મુસ્લિમ હોવાછતાં પોતાની જુબાની અને ઉલટતપાસમાં એ સ્પષ્ટ કર્યું હતું કે, બનાવના દસ દિવસ પહેલાં તેમના જેઠ ધુળાભાઈ વ્યાસ કે જે આ કેસમાં આરોપી છે તેમને તા.૧૮-૨-૨૦૦૨ના રોજ જમણા પગે ઘૂંટણનું ફેકચર થયું હતું અને તેઓ બે મહિના સુધી પથારીવશ રહ્યા હતા.

મુસ્લિમ મહિલાની જુબાની પરથી ફરી એકવાર આરોપીપક્ષના નિવેદન અને રજૂઆત કે આરોપી ઘટનાસ્થળે હાજર ન હતા, તે વાતને સમર્થન મળ્યું હતું. મુસ્લિમ મહિલાની જુબાની પૂર્ણ થયા બાદ સ્પેશ્યલ કોર્ટે કેસની વધુ સુનાવણી આવતીકાલે રાખી હતી, આવતીકાલે ત્રણ સાક્ષી તપાસાય તેવી શકયતા છે. નરોડા ગામ કેસના આરોપી ધુળાભાઈ વ્યાસના સાક્ષી લતાબેન ઉર્ફે મકસુદાબેન મહેશભાઈ વ્યાસે આજે પોતાની જુબાનીમાં જણાવ્યું હતું કે, તેઓ તેમના મામાના ત્યાં નરોડામાં રહીને જ ભણ્યા છે. તેમનો જન્મ પણ ત્યાં જ થયો હતો. તેઓ ધો-૧૧ સુધી ભણ્યા છે.

દરમ્યાન મહેશ સાથે પરિચય થતાં સને ૧૯૯૩માં અમારા લગ્ન થયા હતા. ત્યારથી મારા પરિવાર સાથે મારે સંબંધ નથી. આ લગ્નથી નારાજ પરિવારજનો રોષે ભરાયા હતા અને નનુમીંયા નામના શખ્સે મારા જેઠ ધુળાભાઈ વ્યાસને જોઈ લેવાની ધમકી આપી હતી. નરોડા ગામના તોફાનોના બનાવ તા.૨૮-૨-૨૦૦૨ના દસ દિવસ પહેલાં એટલે કે, તા.૧૮-૨-૨૦૦૨ના રોજ મારા જેઠ ધુળાભાઈ વ્યાસને જમણા પગે ઘૂંટણમાં ફેકચર થયું હતું અને ડો. પરેશ શાહના ત્યાં સારવાર ચાલુ હતી, તેઓ બે મહિના સુધી પથારીવશ રહ્યા હતા.

દરમ્યાન પ્રોસીકયુશન તરફથી પબ્લીક પ્રોસીયુટર એસ.સી.શાહે કરેલી ઉલટતપાસ દરમ્યાન લતાબેન ઉર્ફે મકસુદાબહેને જણાવ્યું હતું કે, મારા જેઠ જયાંથી કોર્પોરેટર બન્યા હતા, ત્યાં મુસ્લિમોની બહુ વસ્તી ન હતી. તેઓ નોબલનગર વોર્ડમાંથી ચૂંટણી લડયા હતા. તેમણે એ પણ સ્પષ્ટ કર્યું હતું કે, જેઠ ધુળાભાઈ વ્યાસના ફેકચર અંગે તેમણે અગાઉ પોલીસ અધિકારીને પણ મૌખિક રજૂઆત કરી હતી.

રાજ્યભરમાં કાળઝાળ ગરમી યથાવત

અમદાવાદ, તા.૮

અમદાવાદ સહિત રાજ્યભરમાં ગરમીનો પ્રકોપ આજે પણ જારી રહ્યો હતો. લમણા શેકી નાખે તેવી ગરમીનો અનુભવ લોકોએ આજે કર્યો હતો. રાજ્યના ઘણા ભાગોમાં પારો ૪૪થી પણ ઉપર પહોંચ્યો હતો. આજે સુરેન્દ્રનગરમાં મહત્તમ તાપમાન ૪૪.૮ સુધી પહોંચ્યું હતું. જ્યારે રાજકોટમાં પારો ૪૪.૩ સુધી પહોંચ્યો હતો. અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૩.૩ ડિગ્રી નોંધાયું હતું. બીજી બાજુ પારો ૪૩થી ઉપર પહોંચતા અમદાવાદમાં ત્રણ દિવસ માટે યલો એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. આજે લોકો ગરમીથી ત્રાહિમામ પોકારી ગયા હતા. સુરેન્દરનગર સહિત સૌરાષ્ટ્ર અને કચ્છમાં કાળઝાળ ગરમીનો અનુભવ લોકો કરી રહ્યા છે. હવામાન વિભાગ તરફથી હિટવેવની કોઈ ચેતવણી જારી કરાઈ નથી પરંતુ અમદાવાદ તંત્ર તરફથી યલો એલર્ટની જાહેરાત કરવામાં આવી છે અને આગામી ત્રણ દિવસ સુધી વધુ ગરમીનો અનુભવ થઈ શકે છે તેવી વાત કરવામાં આવી છે. અમદાવાદ શહેરમાં જુદી જુદી સ્વૈચ્છિક સંસ્થાઓ અને લોકો દ્વારા વિવિધ વિસ્તારોમાં પાણીની પરબ મુકવામાં આવી છે. આ ઉપરાંત પણ સેવાભાવી સક્રિય થયેલી છે. અમદાવાદ શહેરમાં બપોરમાં જનજીવન પણ ખોરવાયું હતું. ઘણા રસ્તાઓ સુમસામ બન્યા હતા.

આ પણ વાંચીએ...

● ઓટો રીક્ષાને સ્કોર્પિયોનો લુક આપનાર ડ્રાઈવરની કિસ્મત ચમકી

કોચ્ચિમાં રહેતા એક ઓટો રીક્ષા ડ્રાઈવરે તેની રીક્ષાને સ્કોર્પિયોનો લુક આપ્યો. જેની તસ્વીરો સોશિયલ મિડીયા પર ખુબ જ વાઈરલ થઈ. આ તસ્વીર મહિન્દ્ર ઈન્ડસ્ટ્રીઝના એમડી અને ચેરપર્સન આનંદ મહિન્દ્રા સુધી પણ પહોંચી. રીક્ષાને સ્કોર્પિયોનો લુક આપનાર રીક્ષા ડ્રાઈવરને આનંદ મહિન્દ્રાએ શોધી કાઢયો. તે આ ડ્રાઈવર પર એટલા ખુશ થઈ ગયા હતા કે તેમણે ડ્રાઈવરને મિની વેન ભેટમાં આપી અને રીક્ષાને મ્યુઝિયમમાં મુકવાનું કહી દીધું.

● બસ લઈને ભાગ્યો વાંદરો, ડ્રાઈવર ઉંઘતો રહ્યો

યુ.પી.ના બરેલીમાં તાજેતરમાં બનેલી એક ઘટનાએ ઉપસ્થિત સૌના જીવ અધ્ધર કરી દીધા હતા. અહીં પાર્કિંગમાં પડેલી એક બસમાં વાંદરો ચઢી ગયો હતો તેણે બસને ચાલુ કરી દીધી હતી એટલું જ નહી તેને ગિયરમાં નાંખી ચલાવવા લાગ્યો હતો. તેણે બે બસોને ટકકર પણ મારી દીધી હતી. જો કે વધુ નુકશાન થાય તે પહેલા બસમાં સુઈ રહેલો ડ્રાઈવર જાગી ગયો હતો અને તેણે વાંદરાને હટાવી બસને કાબુમાં કરી લીધી હતી.

મોટા રણ ક્ષેત્રમાં ૩.૪ની તીવ્રતાનો આંચકો આવ્યો

અમદાવાદ, તા.૮

ખાવડા પાસે રણમાં ૩.૪ની તીવ્રતાનો હળવો આંચકો નોંધાયો છે. કચ્છમાં નવા વર્ષમાં ત્રણથી વધુની તીવ્રતાના ૨૧થી વધુ આંચકા નોંધાઈ ચુક્યા છે. વાગળ આસપાસની પોર્ટ લાઈન સક્રિય થઈ હોવાના પણ અહેવાલ મળ્યા છે. આજે સવારે ૧૦.૫૬ કલાકે ખાવડા નજીકના કેન્દ્રબિંદુ સાથે ૩.૪ની તીવ્રતાનો મોટો આંચકો અનુભવાયો હતો. જેની ઉંડાઈ માત્ર અઢી કિમી હોવાના કારણે આસપાસના વિસ્તારોમાં થઈ હતી. ૧લી જાન્યુઆરીથી અત્યાર સુધીમાં ઉથી વધુ તીવ્રતાના ૨૧ આંચકા નોંધાયા છે. કચ્છની ધરતીમાં સખડડખળ ચાલુ છે અને વાગડ ફોલ્ટ લાઈન સદાય ધણધણતી રહે છે. વાગડ આસપાસની બે ફોલ્ટલાઈન પણ સતત સક્રિય રહે છે. આજે સવારે ૧૦.૫૬ કલાકે ખાવડાથી ઉત્તર પૂર્વમાં ૪૫ કિ.મી દુર મોટા રણમાં આવેલ કેન્દ્રબિંદુ પરથી ૩.૪ની તીવ્રતાનો આંચકો નોંધાયો હતો. જેની ઉંડાઈ માત્ર અઢી કિમી હોવાનું ઈન્ડિયન સીસ્મોલોજીકલ રીસર્ચ સંસ્થાના વર્તુળોએ જણાવ્યું હતું.

એક લાખની આવક... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

યોજવામાં આવે છે. જેના આધારે પસંદગીના નંબરોની હરાજીને અનુલક્ષી આર ટી ઓ કચેરીને તોતિંગ આવક પણ થાય છે. જયારે ગોલ્ડન અને સિલ્વર કેટેગરીના નંબરોની હરાજી માટે રકમ પણ નિયત કરી દેવાઈ છે. જયારે પસંદગીના નંબરોની આવકમાં કોઈ નોંધપાત્ર ફેરફાર થઈ શક્યો નથી. જેના લીધે જુની સરિઝના ગાલ્ડન અને સિલ્વર બાકી નંબરોની હરાજી વારંવાર કરવાની નોબત આવે છે. ગાંધીનગર આર ટી ઓ કચેરી દ્વારા સીક્સ યુ અને સી આર સીરીઝના વાહનો તેમજ ફોર વ્હીલરની બાકી રહી ગયેલા ગોલ્ડન નંબરો તેમજ રેગ્યુલર નંબરાની પણ હરાજી કરવામાં આવી હતી. જેના અંતે આર ટી ઓ કચેરીને એક લાખથી વધુ રકમની આવક થઈ છે. જેમાં ટુ વ્હીલરમાં નંબર ૯૫૪૦૦ જયારે ૯૦૦૯ નંબર ૭૫૭૮ રૂપિયામાં વાહનમાલિકે લીધો હતો. વધુમાં ફોર વ્હીલરમાં ૪૫ નંબર ૧૫ હજારમાં તેમજ ૫૦૦ નંબર ૧૧૧૧૧ રૂપિયામાં વાહનચાલકે મેળવ્યો હતો. જયારે ૨ હજાર નંબર માટે ૧૩૨૭૧ રૂપિયાની ચુકવણી કરવામાં આવી હતી.

સ્ફોટક સ્થિતિ ● અનુસંધાન પહેલાનું ચાલુ

પાકિસ્તાનના કેટલાક બંકરોને પણ ફુંકી માર્યા છે. પાકિસ્તાનના બંકરોને ફુંકા મારવા સાથે સંબંધિત વિડિયો સપાટી પર આવ્યા બાદ ભારતીય સેનાના સાહસની વાત સપાટી પર આવી છે. સેનાના જવાનો કૃષ્ણાં ઘાટીની નજીક રહેલા વિસ્તારોમાં પાકિસ્તાની બંકરોને ફુંકતા નજરે પડી રહ્યા છે. જોરદાર પ્રચંડ ધડાકા કરીને પાકિસ્તાનના બંકરો ફુંકી મારવામાં આવ્યા છે. કૃષ્ણાં ઘાટીમાં ભારતીય સેનાએ અંકુશ રેખાની પેલે પાર પાકિસ્તાની બંકરો પર મોર્ટાર મારફતે હુમલા કર્યા છે. કુલ છથી વધારે ધડાકા કરવામાં આવ્યા હતા. જેમાં શ્રેણીબદ્ધ પાકિસ્તાની બંકરો ફુંકાઈ ગયા છે.

વિડિયોમાં બેલ્લાડુર ખીણમાં આસમાન પર ધુંમાડા પણ જોઈ શકાય છે. ૬૦ સેકેન્ડના વિડિયોમાં ભારતીય સેનાના જવાનોને પોતાના અધિકારીઓને એમ કહેતા સાંભળી શકાય છે કે બંકરો ફુકી મારવામાં આવ્યા છે. વિડિયોમાં ભારતીય સેનાના એક જવાન પણ કહેતા નજરે પડે છે કે બંકરો ફુંકાઈ રહ્યા છે. કૃષ્ણાં ખીણમાં પાકિસ્તાની બોર્ડર એક્શન ટીમના હુમલામાં સેનાના નાયબ સુબેદાર પરમજીત સિંહ અને બીએસએફના કોન્સ્ટેબલ પ્રેમ સાગર શહીદ થયા હતા. બોર્ડર એક્શન ટીમના જવાનોએ ભારતીય જવાનના મૃતદેહને ક્ષત વિક્ષત કરી દેતા આને લઈને ભારે હોબાળો થયો હતો.

પાકિસ્તાનના ગોળીબાર વચ્ચે ભારતીય જવાનોમાં આકોશ જોવા મળે છે. પાકિસ્તાનને યોગ્ય જવાબ આપવા માટે દેશના લોકોમાં પણ માંગ ઉઠી રહી છે. સોમવારના દિવસે પણ સવારમાં પાકિસ્તાની સેનાએ યુદ્ધવિરામનો ભંગ કરીને ગોળીબાર કર્યો છે. આ ગોળીબારનો ભારતીય સેના દ્વારા જોરદાર જવાબ આપવામાં આવ્યો છે. પાકિસ્તાનના બંકરોને ફુંકી મારવાને હવે ભારતીય સેના પ્રાથમિકતા આપી રહી છે.

રાહત નહીં ● અનુસંધાન પહેલાનું ચાલુ

કોર્ટના આદેશથી આરજેડીમાં પણ મોટો ફટકો પડી ગયો છે. આગામી દિવસો લાલુ પ્રસાદ યાદવને વધુ મુશ્કેલીમાં મુકી શકે છે. સુપ્રિમ કોર્ટે આજે ટ્રાયલ ચલાવવાનો આદેશ આપતા કહ્યું હતું કે ફોજદારી કાવતરા સહિત વધુ ગંભીર પ્રકારના આક્ષેપોને દુર કરવાની લાલુ પ્રસાદ યાદવની અરજીને ફગાવી દેવામાં આવી છે. સુપ્રિમ કોર્ટે ઘાસચારા કૌભાંડ કેસો પૈકીના એકમાં અપરાધી ઠેરવવામાં આવ્યા બાદ લાલુ પ્રસાદ યાદવ સામે ટ્રાયલ ઉપર સ્ટે મુકવાના વર્ષ ૨૦૧૪ના આદેશને પણ સુપ્રિમ કોર્ટે ફગાવી દીધો હતો અને કહ્યું હતું કે હાઈકોર્ટે તેના તારણો ઉપર સતત મક્કમ રહેવું જોઈએ. એક કેસમાં આરોપીના જુદા જુદા સેટ માટે જુદા જુદા અભિપ્રાય આપવા જોઈએ નહીં. સુપ્રિમ કોર્ટે આ સમગ્ર મામલાની સુનાવણી ચલાવતી વેળા સીબીઆઈની પણ ઝાટકણી કાઢી હતી. આ કેસમાં હાઈકોર્ટના આદેશની સામે અપીલ દાખલ કરવામાં વિલંબ બદલ સીબીઆઈની ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે તપાસ સંસ્થાના ડિરેકટરે આ મહત્વપૂર્ણ મામલામાં ધ્યાન આપવું જોઈએ.

સીબીઆઈએ ઝારખંડ હાઈકોર્ટ દ્વારા લાલુ યાદવ સામે કાવતરા આરોપોને પડતા મુકવાની સામે સુપ્રિમ કોર્ટમાં અપીલ દાખલ કરી હતી. ઘાસચારા કૌભાંડ કેસો પૈકીના એકમાં લાલુ યાદવ સામે કાવતરા આરોપોને ઝારખંડ હાઈકોર્ટે પડતા મુક્યા હતા. તપાસ સંસ્થાએ એ વખતે હાઈકોર્ટના આદેશ સામે તેની નવેસરની અપીલ દાખલ કરી હતી. લાલુ યાદવની મુશ્કેલી હવે દિન પ્રતિદિન વધી શકે છે.

ટીમ ઈન્ડિયા ● અનુસંધાન પહેલાનું ચાલુ

આવી છે. રોહિત શર્મા, મોહંમદ સામી અને રવિચંદ્ર અશ્વિનની વાપસી થઈ છે. જ્યારે બીસીસીઆઈની પસંદગી સમિતિએ ઋષભ પંત, કુલદીપ યાદવ, શાર્દુલ ઠાકુર અને સુરેશ રૈના તેમજ દિનેશ કાર્તિકને સ્ટેન્ડ બાય પર રાખવામાં આવ્યા છે. ચેમ્પિયન્સ ટ્રોફીનું આયોજન થઈ ચુક્યું છે. વિશ્વકપ બાદ ચેમ્પિયન્સ ટ્રોફીને સૌથી મોટી સ્પર્ધા તરીકે ગણવામાં આવે છે. ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારત રમશે કે કેમ તેને લઈને ઘણા સમયથી ભારે સસ્પેન્સની સ્થિતિ બનેલી હતી. સત્તાવાર રીતે આની જાહેરાત કરવામાં આવ્યા બાદ ભારતીય ટીમ રમશે તે બાબત સ્પષ્ટ થઈ હતી. આઈસીસીની બીજી સૌથી મોટી સ્પર્ધા તરીકે આને ગણવામાં આવે છે. હકીકતમાં આઈસીસીના નવા નાણાંકીય મોડલને લઈને બીસીસીઆઈએ નારાજગી વ્યક્ત કરી હતી કારણ કે નવા મોડલ મુજબ તેને મળનાર મહેસુલી રકમ પહેલાની સરખામણીમાં અડધી થશે. એમ માનવામાં આવી રહ્યું હતું કે આઈસીસી ઉપર દબાણ વધારવા અને પોતાની નારાજગી વ્યક્ત કરવા માટે બીસીસીઆઈ ચેમ્પિયન્સ ટ્રોફીમાં પોતાની ટીમ મોકલશે નહીં. આ અટકળોનો એ વખતે વેગ મળી ગયો હતો જ્યારે ટુર્નામેન્ટ માટે ટીમની જાહેરાતની તારીખ વીતી ગયા બાદ પણ ભારતીય ટીમે ટીમની પસંદગી કરી ન હતી. રવિન્દ્ર જાડેજાની ફરી વાપસી થઈ ગઈ છે. ભારતીય ટીમ ચેમ્પિયન્સ ટ્રોફીનો તાજ જાળવી રાખવા સાથે મેદાનમાં ઉતરનાર છે. ઓપનીંગ બેટ્સમેન તરીકે રોહિત શર્માએ પ્રથમ પસંદગી મેળવી લીધી છે. હાલમાં જ આઈપીએલમાં તેનો દેખાવ જોરદાર રહ્યો છે. મુંબઈ ઈન્ડિયન્સ તરફથી તે ૧૧ મેચો રમી ચુક્યો છે. આજે દિલ્હીમાં રાષ્ટ્રીય પસંદગીકારોની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. જેમાં ૧૫ સભ્યોની ટીમ પસંદ કરાઈ હતી.

ભારત : વિરાટ કોહલી (કેપ્ટન), શિખર ધવન, રહાણે, યુવરાજસિંહ, કેદાર જાદવ, રોહિત શર્મા, મહેન્દ્રસિંહ ધોની, અશ્વિન, મોહંમદ સામી, ઉમેશ યાદવ, ભુવનેશ્વર કુમાર, મનિષ પાંડે, જસપ્રીત બુમરાહ, રવિન્દ્ર જાડેજા, હાર્દિક પંડ્યા.

હોમ લોન ● અનુસંધાન પહેલાનું ચાલુ

રહી છે. આવી જ રીતે પગારદાર મહિલા કસ્ટમરો માટે યોજના હેઠળ વ્યાજદરમાં ૦.૨૫ ટકાનો ઘટાડો ઉપલબ્ધ રહેશે. તેમને ૮.૩૫ ટકાના દરે આવાસ લોન ઉપલબ્ધ થશે. બીજી બાજુ બિનપગારદાર મહિલાઓ માટે વ્યાજદરમાં ૦.૨૦ ટકા સુધીનો ઘટાડો કરવામાં આવ્યો છે.

રજનીશકુમારે કહ્યું હતું કે હોમલોન લેનાર માટે આ મોટો ઘટાડો છે. વ્યાજદરમાં ૦.૨૫ ટકાના ઘટાડાનો મતલબ માસિક હપ્તા અથવા તો ઈએમઆઈમાં ૫૩૦ રૂપિયાની બચત થઈ શકશે. નવા દરો તાત્કાલિક ધોરણે આવતીકાલથી અમલી કરવાનો નિર્ણય કરાયો છે. કુમારે કહ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૨૨ સુધી તમામ લોકોને પોતાના ઘર આપવા માટેની યોજના શરૂ કરીને મોટુ પગલું લીધું છે. તેમણે ઉમેર્યું હતું કે એસબીઆઈ આ મામલામાં બેંક ઉદ્યોગમાં સૌથી ઓછા દરે ઓફર કરી રહી છે.

પ્રસ્તાવ આવશે ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એટલે તંત્ર પર આર્થિક ભારણા વધુ પડતુ આવે તેમ હોવાથી હવે નવી ગાડી ખરીદવામાં આવશે.

જિલ્લા પંચાયતના પ્રમુખની ગાડી આમેય પાંચ વર્ષ જેટલી જુની થઈ ગઈ હતી તેમજ તેના કિલોમીટર પણ પુરા થવામાં હતા.

નાયબ જિલ્લા વિકાસ અધિકારી માટે ગાડી હાલ નહિ ખરીદી અને પ્રમુખ માટે ગાડી ખરીદવાને સામાન્ય સભામાં અગ્રતા અપાશે તેમ પંચાયતના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

વિશેષ પગલા ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિધાનસભા સચિવાલય પણ સત્ર સમાપ્તી પછી ખસેડવાની કાર્યવાહી હાથ પર લેવામાં આવશે. આ માટેની તૈયારીઓ પણ શરૂ કરી દેવામાં આવી છે.

આજે મળનાર એક દિવસીય સત્ર માટે ખાસ પોલીસ બંદોબસ્તની પણ વ્યવસ્થા કરાઈ છે જેથી કોઈ અનિચ્છનીય ઘટના બને નહિ. વિધાનસભાનું આજનું એક દિવસીય સત્ર હોવાથી રિનોવેશનની કામગીરી સ્થગિત કરી દેવાઈ છે તેમજ ઠેર ઠેર લીલી નેટથી ભયજનક વિસ્તારોને રક્ષિત કરવામાં પણ આવ્યા છે.

ટેક્સ ચોરી ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આણિમંડળીની મુશ્કેલીઓ વધી શકે છે. અદાલત દ્વારા જે અન્ય આરોપીઓ વિરૂધ્ધ સમન્સ જારી કરાયા છે તેમાં, મનોજકુમાર સિંઘલ, રામકિશ્ન સંકારા, આશિષ બાબુ વેણુગોપાલ, શ્રેયાંસ જૈન અને અરવિંદકુમાર ગુપ્તાનો સમાવેશ થાય છે.

સર્વિસ ટેક્સ ડિપાર્ટમેન્ટ, ગાંધીનગર સુપ્રિટેન્ડન્ટ આર.આઈ.ચૌધરીએ નિશા લીઝર્સ લિ.ના ડાયરેકટર સંજય ગુપ્તા આણિમંડળી વિરૂધ્ધ એડિશનલ ચીફ મેટ્રોપલીટન મેજિસ્ટ્રેટની કોર્ટમાં અરજી કરી આરોપીઓને કાયદાનુસાર કેસ ચલાવી સખત નશ્યત કરવા માંગણી કરી છે. સર્વિસ ટેક્સ ડિપાર્ટમેન્ટ તરફથી એવી રજૂઆત કરવામાં આવી હતી કે, નિશા લીઝર્સ લિમિટેડના ડાયરેકટર સંજય ગુપ્તા અને તેમના માણસો દ્વારા અમદાવાદ, ગાંધીનગર, ઉપરાંત ગુજરાત બહાર દિલ્હી, જયપુર, ઉદેપુર સહિતના રાજયોમાં હોટલ અને રિસોર્ટ ચલાવવામાં આવતા હતા. જેમાં તેઓ ગ્રાહકો પાસેથી સર્વિસ ટેક્સ ઉઘરાવતા હતા પરંતુ તે સર્વિસટેક્સની રકમ તેઓ સરકારી તિજોરીમાં જમા કરાવતા ન હતા. નિશા લીઝર્સ લિ.ના ડાયરેકટર સંજય ગુપ્તા અને તેમના માણસો દ્વારા આ પ્રકારે ૨૦૧૦થી સર્વિસ ટેકસની ચોરી કરવામાં આવી છે અને આજદિન સુધી તે સરકારમાં જમા કરાવાયો નથી. અત્યારસુધીમાં આશરે રૂ.૨૭ કરોડની સર્વિસ ટેકસની ચોરી બહાર આવી છે. સર્વિસટેક્સ ડિપાર્ટમેન્ટ તરફથી ઉપરોકત આરોપીઓ પાસેથી રૂ.૨૭ કરોડના સર્વિસટેકસની વસૂલાત માટેની નોટિસો સહિતની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે પરંતુ ફાયનાન્સ એકટ અને સેન્ટ્રલ એકસાઈઝ એકટ હેઠળ આ કોર્ટે સંજય ગુપ્તા આણિમંડળી વિરૂધ્ધ સખત નશ્યતના પગલાં લેવા જોઈએ. સર્વિસટેક્સ ડિપાર્ટમેન્ટની રજૂઆત ગ્રાહ્ય રાખી કોર્ટે ઉપરમુજબ સમન્સ જારી કરવાનો હુકમ કર્યો હતો.